# મોડાસા સીઝનની સૌથી વધુ ગરમી



## મોડાસામાં તાપમાન ૪૬.૫ ડિગ્રીને પાર થતા જનજીવન આકુળવ્યાકુળ જીલ્લામાં અગનવર્ષા થતા પ્રજાજનો શેકાયા : માર્ગો સૂમસામ

મોડાસા, તા. ૨૭

ઉનાળો હવે પરાકાષ્ઠાએ પહોંચી ગયો હોય તેમ આકાશમાંથી સતત અગનવર્ષા થઈ રહી છે. મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં તાપમાનનો પારો ૪૬.૫ ડીગ્રીએ પહોંચતા આગ ઝરતી ગરમીથી જનજીવન અગન ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. બપોરેના સુમારે રસ્તાઓ સુમસામ ભાસતા હતા. જાણે કુદરતી કરફ્યુ લાદયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ બે-ત્રણ દિવસ ગરમીનો પારો ઉંચકવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં આકરો ઉનાળો રૌદ્ર મિજાજ થકી દિન પ્રતિદિન કાતિલ સ્વરૂપ ધારણ કરી રહ્યો હોઈ જીવસ્રુષ્ટિ ત્રસ્ત બની છે. કાતિલ ગરમીના કહેરને લઈને રહીશોના સ્વાસ્થ્ય પર પણ વિપરીત અસર થઈ રહી છે. ઉનાળુ ની સીઝનમાં અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રવિવારે રહ્યો હતો. ગરમીનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચતા લોકો રીતસરના શેકાયા હતા. મોડાસા શહેરના માર્ગો સહીત ગ્રામ્ય વિસ્તારના માર્ગો પણ સુમસામ ભાસતા હતા. જાણે કુદરતે સ્વયં કર્ફ્યુ લાદયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું.

### રાજેન્દ્રનગર ચોકડી નજીક ટ્રકમાંથી

## ઈંડા મુકવાની ટ્રેની આડમાં લવાતો ૧૨.૪૨ લાખનો વિદેશી દારૂ પકડાયો







મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી પર પ્રાંતીય બુટલેગરો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવી રહ્યા છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર વિદેશી દારૂ ગુજરાતમાં પ્રવેશતો અટકાવવા માટે જીલ્લાની આંતરરાજ્ય સરહદ પર સઘન ચેકીંગ હાથ ધરી પેટ્રોલિંગ કરી રહી છે. અમદાવાદ-ઉદેપુર નેશનલ હા.નં-૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીકથી મોડાસા રૂરલ પોલીસે ટ્રકમાંથી ઈંડા મુકવાની કાગળના પૂંઠાની ટ્રે ની આડમાં સંતાડીને લવાતો ૧૨.૪૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રક ચાલકની ધરપકડ કરી ૨૩.૦૭ લાખનો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પોલીસે અમદવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શુક્રવારે રાત્રીના સુમારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા ઈંડા મુકવાના કાગળના પૂંઠાની ટ્રે ની આડમાં સંતાડીને ટ્રક (ગાડી.નં-એચઆર.૫૮.એ.૩૯૭૭)માં હરિયાણાના કલામપે ખાતે આવેલા શર્મા ટ્રાન્સપોર્ટની ગાડીઓ ભરાવતા વિકાસ નામના શખ્સે વિદેશી દારૂની બોટલો નંગ-૪૧૪૦ જેની કિંમત રૂ. ૧૨૪૨૦૦૦નો ઝડપી પાડી ઈંડા મુકવાની કાગળના પૂંઠા ટ્રેના બોક્સ નંગ-૩૫૦ કિંમત રૂ.૬૦૦૦૦ તથા ટ્રકની કિંમત રૂ.૧૦૦૦૦૦૦, તાડપત્રી, રસ્સીની કીં. રૂ.૩૦૦૦, નોકિયા મોબાઈલ નંગ-૧ કીં. રૂ.૧૦૦૦ અને રોકડ રકમ રૂ.૧૨૦૦ મળી કુલ રૂ. ૨૩૦૭૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક વસીમ ઈદીસ મેવાતી (રહે. ઈશાક નગર, તા. બૌદ્ધિનગર ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી વિદેશી દારૂ ભરી આપનાર વિકાસ નામનો બુટલેગર (રહે. કલામપે શર્મા ટ્રાન્સપોર્ટમાં ગાડી ભરી આપનાર, હરિયાણા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### ૫ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાય તો ઉચ્ચ અધિકારી તપાસ કરશે..?

ગુજરાત રાજ્ય પોલીસ વડાએ જે તે પોલીસ સ્ટેશનમાંથી ૫ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાય તો જે તે પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીની કે કર્મચારીની સંડોવણી છે કે નહિ..? તેની પણ તપાસ ઉચ્ચ અધિકારી દ્વારા કરવામાં આવશેનો આદેશ કરવામાં આવ્યો હતો ત્યારે જોવું રહ્યું કે જીલ્લાની કઈ આંતરરાજ્ય સરહદ પરથી અને કયા કયા પોલીસ સ્ટેશનની હદમાંથી વિદેશી દારૂ ભરેલ ટ્રક પસાર થયો તેમની બેદરકારી પણ નક્કી થશે અને કયા પ્રકારના પગલાં ભરવામાં આવશે તે જોવું રહ્યું.

### પ્રાંતિજ બારકોટ મોટી ફળીમાં ગાળો બોલી

## ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ બારકોટ મોટી ફળીમાં રહેતાં સુબામીયા કાલુમીયા ગોરીને આરોપીઓ દ્વારા ગાળો બોલી ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાંખવાની ધમકી અપાતાં પાંચ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ સુબામીયા કાલુમીયા ગોરી ઉ. વર્ષ ૭૬ કે જેવોની ફરીયાદ આધારે આ કામના આરોપી નંબર-૧ મહેજુલ્લાખાન મહમદખાન પઠાણને તા.૨૩-૫-૧૮ના ફરીયાદીને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપી-૨ સરતાજબાનુ અકબરખાન પઠાણ અને આરોપી-૩ રઈશખાન મોહમદખાન પઠાણનાઓએ ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી તથા આરોપી- ૪ મોહમદખાન સાથીખાન પઠાણ તથા આરોપી-૫ નાઓએ તા.૨૪-૫-૨૦૧૮ના આઠ કલાકે ફરીયાદી તથા સાહેદોને મા-બહેન સામી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગીરી કરી ગુનો કરતાં પ્રાંતિજ પોલીસે ફરીયાદીની ફરીયાદના આધારે આઈપીસી કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) ૧૧૪ મુજબ પાંચ જણ વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

## આકોલી દરબારગઢ ખાતે સ્વર્ગસ્થ ભગવાનસિંહજી વાઘેલાની ભવ્યાતિભવ્ય ૨૮મી પુણ્યતિથિ ઉજવાઈ



કાંકરેજ, તા. ૨૭

કાંકરેજ તાલુકાના આકોલી ગામે ભગવાનસિંહજી વાઘેલાની ૨૮મી પુણ્યતિથી નિમિતે ભજન-સંત્સંગનો ભવ્ય પોગ્રામ યોજાયો. આકોલી દરબારગઢ ઓગડ ચોક ખાતે સ્વર્ગીય ભગવાનસિંહજીના આત્માની પુણ્યતિથીમાં કોઈટા રવિયાણાના સંતશ્રી અજમલભારથી મહારાજ, વાલારામ મહારાજ, ગાંડાજી વાઘેલા સરપંચ આકોલી તેમજ કંબોઈ, કુવારવા, શિહોરી, ઈન્દ્રમાણા, સહિત આજુબાજુના ગામના ભકતો તેમજ આકોલી ગામના ભકતજનોએ ભજન-સત્સંગનો લાભ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી. જેમાં ચામુંડા સાઉન્ડ આકોલીના વેરસીજી ઠાકોર, મુકેશ બારોટ (સાહીત્યકાર), વસંતમીર (તબલાવાદક), નટુભાઈ મીર (હાર્મોનિયમવાદક), સંપતભાઈ (બેન્જોવાદક), ખિમાભાઈ મીર સહીતના નામાંકીત કલાકારો દ્વારા ભજનની રમઝટ બોલાવી હતી. દરેક ભકતજનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બી.કે. વાઘેલા આકોલી દ્વારા સુંદર ભજન રજુ કરાયા હતા. આમ આકોલી દરબારગઢ ખાતે સ્વર્ગસ્થ ભગવાનસિંહજી બધસિંહજીની ૨૮મી પુણ્યતિથીમાં ગં.અમ્રુતબા ભગવાનસિંહ, રજુભા. બી. વાઘેલા, કનુભા બી. વાઘેલા, હેમુભા બી. વાઘેલા, મહેન્દ્રસિંહ બી. વાઘેલા દ્વારા દરસાલની જેમ પિતાજી ભગવાનસિંહજી પુણ્યતિથી નિમિતે ભજન સત્સંગનુ આયોજન કરી ઉજવણી કરવામાં આવે છે. 'જનની જણ તો ભકત જણ કાં દાતા કાં સુર, નહીતર રહેજે વાંઝણી તારા મત ગુમાવીશ નુર' આમ અજમલભારથી મહારાજ પાવન પગલાંથી સમગ્ર આકોલી ગામ ભકિતના રંગે રંગાયુ હતુ.

## સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાને છપ્પનભોગ ધરાવાયો



શામળાજી, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે આવેલ વિષ્ણુ મંદિરમાં કાળીયા ઠાકોરને અધિકમાસ પ્રસંગે છપ્પન ભોગ ધરવામાં આવતા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને ભગવાન શામળિયાના દર્શન કરવાની સાથે છપ્પનભોગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શામળાજી મંદિર પરિસર જય શામળિયાના નાદથી ગુંજી ઉઠ્યા હતા. અધિક માસમાં ભગવાન શામળિયાના દર્શનાર્થે હજ્જારોની સંખ્યામાં દરરોજ મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉમટી પડે છે. ભગવાન કાળીયા દેવના દર્શનાર્થે વહેલી સવારથીજ ભક્તોની ભારે ભીડ જામે છે.

## માલપુર ગોકુલ હોટલ પાસે ઈકો કારની ટક્કરે બાઈક ૨૦ ફૂટ ઘસડાતા બાઈક સવાર બે યુવાનોના મોત



મોડાસા, તા. ૨૭

મોડાસા-ગોધરા હાઈવે પર માલપુર ગામ નજીક આવેલી ગોકુલ હોટલ નજીક શનિવારે બપોરના સુમારે ઈકો કાર ચાલકે આગળ જતી બાઈકને ટક્કર મારી બાઈક ૨૦ ફૂટ જેટલી ઘસડાતા બાઈક સવાર મેઘરજના ખાંડીવાવના પુષ્પેન્દ્રસિંહ નટવરસિંહ રાઠોડ અને કલ્પેશભાઈ અજમલભાઈ પગી રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઈકો કારનો ચાલક અકસ્માત સર્જી કાર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના સ્થળે માલપુર પોલીસ તાબડતોડ ઘટના સ્થેળે ધસી આવી બંને મૃતક યુવાનની લાશને પીએમ માટે મોકલી આપી ખાંડીવાવના રહીશ રત્નાજી નાનાજી પગીની ફરિયાદના આધારે ઈકો કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર કારચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### મહેસાણાના રાજપુર ગામમાં

## વૃદ્ધા હજારો ચામાચિડીયા વચ્ચે વર્ષોથી વસવાટ કરી રહી છે

મહેસાણા, તા. ૨૭

એક તરફ દેશમાં નીપા વાયરસનો ખતરો તોળાઈ રહ્યો છે. બીજી તરફ મહેસાણાના રાજપુર ગામમાં એક વૃદ્ધ હજારો ચામાચિડીયા વચ્ચે વર્ષોથી વસવાટ કરી રહ્યો છે. આ વૃદ્ધના મકાનમાંથી



અનેકવાર ચામાંચીડીયાને ભગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરંતુ વર્ષોથી ચામાચિડીયાએ વૃદ્ધના મકાનને જ પોતાનું આશ્રય સ્થાન બનાવી દીધું છે. જો કે, આ વૃદ્ધાને ક્યારેય ચામાચીડીયાથી ડર લાગ્યો નથી.

આ છે કડી તાલુકાના રાજપુર ગામના શાંતાબેન પ્રજાપતિ. શાંતાબેન પ્રજાપતિની ઉંમર ૭૫ વર્ષની છે. અને તેમના મકાનના ત્રણ રૂમ પૈકી બે રૂમ પર ચામાચિડીયાએ કબજો જમાવ્યો છે અને વર્ષોથી રહેણાકને કારણે ચામાચિડીયા જ એકલવાયું જીવન જીવતા શાંતાબેન પ્રજાપતિનો પરિવાર બની ગયા છે. એક રૂમમાં આ વૃદ્ધ વસવાટ કરે છે તો બીજા બે રૂમમાં ચામાચિડીયાનું રહેઠાણ છે. હજારો ચામાચિડીયા વચ્ચે જીવન જીવતા શાંતાબેનને ક્યારેય ડરામણા લાગતા ચામાચીડિયાથી ડર લાગ્યો નથી. જો કે, નીપાવ વાયરસનો ખતરો તોળાઈ રહ્યો છે ત્યારે આ ચામાચીડિયાના વસવાટને કારણે આજુબાજુના રહીશોમાં પણ ફફડાટ ફેલાયો છે. અલબત હજુ પણ શાંતાબેન તેમના ઘરમાંથી ચામાચીડિયાને દુર કરવા તૈયાર નથી. ધુળાભાઈ પાડોશી એ જણાવ્યું હતું કે શાંતાબેન પ્રજાપતિ મકાન માલિકે જણાવ્યું હતું કેરળમાં ફેલાયેલો નીપાવ વાયરસ ચામાચીડિયાથી ફેલાતો હોવાનું તારણ છે. ત્યારે ચામાચીડિયાના આશ્રયસ્થાન શોધવાની કવાયત આરંભાઈ છે અને જે સ્થળે મોટી સંખ્યામાં ચામાચિડીયા વસવાટ કરતા હોય ત્યાં નીપાવ વાયરસ ફેલાવાની શક્યતા પ્રબળ બની જાય છે. ત્યારે શાંતાબેનના ઘરમાં વસવાટ કરતા હજારો ચામાચીડિયાથી રાજપુર ગ્રામ પંચાયત અને આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું છે. જો કે, શાંતાબેન કોઈ પણ સંજોગોમાં એમના ઘરમાંથી ચામાચીડિયાને હટાવવા તૈયાર નથી. આ પૂર્વે પણ



તેમના ઘરમાંથી ચામાચીડિયા ભાગી જાય તે માટે અનેક નુસ્ખા આજદિન સુધી અજમાવવામાં આવ્યા છે. જો કે, ચામાચીડિયાએ પણ શાંતાબેનનું ઘર છોડ્યું નથી. ચામાચીડિયાના વસવાટને કારણે શાંતાબેનને તો કોઈ પરેશાની નથી. પરંતુ, આજુબાજુના રહીશો વર્ષોથી રાત પડે અને હાલાકીનો સામનો કરી રહ્યા છે. તો બીજી તરફ નીપાવ વાયરસના ડરને કારણે લોકોમાં રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. શાંતાબેન પ્રજાપતિ માટે ચામાચિડીયા એ લક્ષ્મીનો અવતાર છે. તો બીજી તરફ ચામાચીડિયાને ભગવતી વખતે પાપ લાગવાનો પણ ડર તેમને સતાવી રહ્યો છે. જો કે, ધાર્મિક માન્યતા અને રોગચાળાના ડર વચ્ચે હવે શાંતાબેન માટે ચામાચીડિયાને પોતાના ઘરમાંથી દુર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી બચ્યો.

# ઘાસ ભરેલી ટ્રકમાં આગ

## બનાસકાંઠા જિલ્લામાં ઘાસ ભરેલી ટ્રકમાં આગ લાગવાનો સીલસીલો યથાવત : સાત દિવસમાં બીજી વખત ટેટોડા ગૌશાળા નજીક વીજ વાયર અડી જતા ટ્રકમાં આગ લાગી

પાલનપુર, તા.૨૭

બનાસકાંઠા જિલ્લામાં ઘાસ ભરેલી ટ્રક માં આગ લાગવાનો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે એક બાદ એક ટ્રક માં આગ લાગી રહી છે અને ઘાસ સહીત ટ્રક બાળીને ખાખ થઈ રહી છે ત્યારે આજે ટેટોડા ગૌશાળા નજીક વીજ વાયર અડી જતા ટ્રક માં આગ લાગી હતી અને ઘાસ સહીત ટ્રક બાળીને ખાખ થઈ જતા લખો રૂપિયા નું નુકશાન થવા પામ્યું છે

બનાસકાંઠા જિલ્લા માં ઘાસ ભરેલી ટ્રક માં આગ લાગવાનો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે થરાદ ભાભર દિયોદર ડીસા કંસારી ટેટોડા જેવી અનેક ગૌશાળા નજીક ટ્રક આગ લાગી રહી છે અને ઘાસ ગાય સુધી પહોંચે તે પહેલાજ બાળીને ખાખ થાય છે ત્યારે લોકો માં અનેક સવાલ ઉઠવા પામે છે સાત દિવસ અગાઉ બનાસકાંઠા ની ટેટોડા ગૌશાળા આગળ ઘાસ ભરેલી ટ્રક વીજ વાયર ને અડી જતા ટ્રક માં આગ ભભૂકી હતી અને અને ઘાસ સહીત ટ્રક બાળીને ખાખ થઈ હતી તે બાદ આજે પણ એજ જગ્યા ઉપર ઘાસ ભરેલી ટ્રક વીજ વાયર ને અડી જતા આગ ભભૂકી હતી અને ઘાસ સહીત ટ્રક બળી ને ખાખ થઈ હતી કલાકો બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો પરંતુ આગ ઉપર કાબુ મેળવાય તે પહેલાજ ટ્રક અને ઘાસ બાળીને ખાખ થઈ ગયું હતું તો તમે પણ સાંભળો આ તર્ક ચાલાક શું કહે છે અને કેવી રીતે લાગી આગ

સરકાર દ્વારા ગૌશાળા ને ઘાસ આપવામાં આવી રહ્યું છે પરંતુ આ ઘાસ ગાય સુધી પહોંચે તે પહેલાજ આ ઘાસ બાલી જાય છે માટે લોકો ઈચ્છી રહ્યા છે કે સરકાર આ બાબતે તટસ્થ તાપસ કરાવે અને આગ નું સાચું કારણ મેળવે.



